ગુજરાત સફાઈ કામદાર વિકાસ બોર્ડને
ગુજરાત સફાઈ કામદાર વિકાસ
નિગમમાં ફેરવવા બાબત..
મદદનીશ જિલ્લા મેનેજરની કામગીરી
જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીને
સુપરત કરવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક : એસસીડબલ્યુ/૧૦૨૦૦૧/૨૪૭૮/ગ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ :– ૨૬ – ૧૧–૨૦૦૧.

વંચાણે લીધો :–

૧. સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા. ૧૪–૭–૨૦૦૦ નો ઠરાવ ક્રમાંક: પરચ–૧૦૨૦૦૦/૩૧૬/ગ,
૨. સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા. ૯–૧૨–૨૦૦૦ ઠરાવ ક્રમાંક : એસસીડબલ્યુ/૧૦૯૭–ન.બા.૩૩/ગ,
૩. સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા. ૧૯–૬–૨૦૦૧ નો ઠરાવ ક્રમાંક : એસસીડબલ્યુ/૧૦૨૦૦૧/મં–૨૬૦/ગ,

ઠરાવ : –

આમુખમાં દર્શાવેલ તા. ૯–૧૨–૨૦૦૦ ના ઠરાવથી સફાઈ કામદારો અને તેમના આશ્રિતોના પુનઃ સ્થાપન માટે પુજ્ય ઠક્કરબાપા સફાઈ કામદાર પુનઃ સ્થાપન યોજના અમલમાં મૂકવામાં આવેલ છે અને તેના અમલ માટે જિલ્લા કક્ષાએ જિલ્લા દીઠ માસિક રૂ. ૭૦૦૦/– ના ફીકસ પગારથી મદદનીશ જિલ્લા મેનેજરની કુલ ૨૫ જગ્યાઓ ઉભી કરવામાં આવેલ છે. આ જગ્યાઓ માટે ભરતી પ્રક્રિયા પૂરી કરી નિમણૂક કરવામાં સમય જવાની સંભાવના છે. આમુખમાં દર્શાવેલ તા.

૧૯–૬–૨૦૦૧ ના ઠરાવથી ગુજરાત સફાઈ કામદાર વિકાસ બોર્ડનું ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમ તરીકે સ્વતંત્ર નિગમમાં રૂપાંતર કરવામાં આવેલ હોઈ સફાઈ કામદારોના કલ્યાણ માટેની યોજનાઓની કામગીરી જે અગાઉ ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમ કરતું હતું તે કામગીરી હવે આ નિગમે કરવાની રહે છે. જેથી જ્યાં સુધી ઉપર દર્શાવેલ જગ્યાઓ ભરવામાં ન આવે ત્યાં સુધી ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમની કામગીરી અટકી ન પડે તે માટે મદદનીશ જિલ્લા મેનેજરની કામગીરી અન્ય હુકમો થતાં સુધી સંબંધિત જિલ્લાના જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીને સુપરત કરવાનું ઠરાવવામાં આવે છે. જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીએ ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમના મદદનીશ જિલ્લા મેનેજર તરીકે નીચે દર્શાવેલ યોજનાઓની તમામ કામગીરી કરવાની રહેશે.

(૧) પંડિત દિન–દયાળ ઉપાધ્યાય અંત્યોદય સ્વચ્છતા બજાર યોજના (તા.૧૪–૭–૨૦૦૦ નો ઠરાવ).

(૨) પૂજ્ય ઠક્કર બાપા સફાઈ કામદાર પુનઃ સ્થાપન યોજના (તા. ૯–૧૨–૨૦૦૦ નો ઠરાવ).

(૩) નેશનલ સ્કીમ ફોર લીબેરેશન એન્ડ રીહેબીલીટેશન ઓફ સ્કેવેન્જર્સ એન્ડ ધેર ડીપેન્ડન્ટસ (કેન્દ્ર સરકારની યોજના).

૨. ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમના મદદનીશ જિલ્લા મેનેજર તરીકે જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારી ઉપરોક્ત યોજનાઓના અમલ અને કામગીરી માટે ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમના મેનેજીગ ડીરેક્ટરને સીધા જવાબદાર ગણાશે.

૩. જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીએ ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમના મદદનીશ જિલ્લા મેનેજર તરીકે રાષ્ટ્રીય સફાઈ કર્મચારી નાણા અને વિકાસ

નિગમ નવી-દિલ્હીની વિવિધ યોજનાઓ તેમજ સફાઈ કામદારો માટેની બેન્કેબલ યોજનાઓની કામગીરી પણ બજાવવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના આદેશથી અને તેમના નામે.

( રમણ આર્ય )
**નાયબ સચિવ,**
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,
માન. મંત્રીશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતાના અંગત સચિવ, ગાંધીનગર.
અગ્ર સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
સચિવશ્રી(પંચાયત), પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
સચિવશ્રી (ગ્રામ વિકાસ), પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
નાણાકીય સલાહકારશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
વિકાસ કમિશ્નરશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
નિયામકશ્રી, નગરપાલિકાઓ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
મેનેજીગ ડીરેકટરશ્રી, ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમ, ગાંધીનગર.
સર્વે કલેકટરશ્રી.
સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રી.
સર્વે જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારી.
સર્વે મ્યુનિસિપલ કમિશ્નરશ્રીઓ.
સર્વે નગરપાલિકાઓના મુખ્ય અધિકારીશ્રી (નગરપાલિકા નિયામકશ્રી મારફતે).
સર્વે જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી (પંચાયત).
સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રી.
સર્વે જિલ્લા મેનેજર, ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમ.
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની સર્વે શાખાઓ (ગ-શાખા સિવાય).
સિલેકટ ફાઈલ.